શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
ડાયાલીસીસ વિભાગ
(સહયોગી સૌજન્ય - શ્રી પંકજભાઈ કાપડીયા)
શહેરના કીડની રોગની તકલીફ ધરાવતા જરૂરીયાતમંદ દર્દીઓ માટે સંસ્થા સંચાલિત ડાયાલીસીસ વિભાગમાં ઘર જેવું સુવિધામય, સ્વચ્છ, નિરામય વાતાવરણ અને અદ્યતન સાધનોથી સુસજ્જ ડાયાલીસીસની સારવાર ખૂબ જ નજીવા દરે તથા સરકારશ્રીની PMJAY યોજના હેઠળ વિનામૂલ્યે સારવાર ઉપલબ્ધ. જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.
24 x 7 ઈમરજન્સી સારવાર માટે વિનામૂલ્યે એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ
(સૌજન્ય - શ્રી પંકજભાઈ કાપડીયા)

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મરુહઃ (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ II આયુર્વેદા વૈદ્યશાલા II
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ તેરસ રવિવાર ૧૨ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૨૨ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૬.૦૦

# વિયેટનામમાં બોટ પલટી જતાં 15 ભારતીયોનાં મોત

**દક્ષિણ** ભારતીય પર્યટકો બોટ રાઇડિંગની મઝા માણી રહ્યા હતા ત્યારે બનેલી કરૂણાંતિકા

**ફુ ક્વોક** ટાપુ પાસે બોટ દરિયામાં પલટી ખાઇ ગઇ, ઉંચા મોજાને કારણે આ બન્યું હોવાનું પ્રાથમિક અનુમાન

**નૌકામાં** બે મહિલા સહિત ૩૨ ભારતીય પર્યટકો અને ૪ સ્થાનિક કર્મચારીઓ હતાઃ ૨૧ને બચાવી લેવાયા

**મૃતકોમાં** ૧૦ તમિલનાડુના, ૩ આંધ્રપ્રદેશના અને ૨ કેરળના નાગરિકો



### મૃતકોમાં લાવા કંપનીના અનેક કર્મચારીઓ, વિતરકો

દુર્ઘટનામાં માર્યા ગયેલાઓ અને બચી ગયેલાઓમાં ઘણા ભારતીય મોબાઇલ ફોન કંપની લાવા સાથે સંકળાયેલા કર્મચારીઓ અને ડિસ્ટ્રીબ્યુટરો હતા એમ જાણવા મળે છે. કંપની તરફથી તેમને પર્યટન પર મોકલાયા હોવાનું માનવામાં આવે છે. લાવા ટીમના કેટલાક સભ્યો તેમના પરિવારના સભ્યો સાથે પર્યટને આવ્યા હતા. કંપનીના એક વિતરકની પત્નીનું આ દુર્ઘટનામાં મોત થયું હોવાનું જાણવા મળે છે જયારે વિતરક પોતે હોસ્પિટલમાં છે.

### એક વર્ષ પહેલા આનાથી પણ મોટી દુર્ઘટના બની હતી

તાજેતરની અકસ્માતની આ ઘટના વિયેતનામમાં બોટિંગની અન્ય એક મોટી દુર્ઘટનાના લગભગ એક વર્ષ બાદ બની છે. જુલાઈ ૨૦૨૫માં, ઓછામાં ઓછા ૨૦ બાળકો સહિત ૪૮ લોકોને લઈ જઈ રહેલી એક પ્રવાસી બોટ અચાનક આવેલા વાવાઝોડા દરમિયાન હા લોન્ગ અખાતમાં પલટી ગઈ હતી, જેમાં ઓછામાં ઓછા ૩૫ મુસાફરોના મોત થયા હતા. જોરદાર પવનને કારણે બોટ ઊંધી વળી ગઈ હતી. આ દુર્ઘટનાએ વિયેતનામના લોકપ્રિય પ્રવાસી સ્થળો પર દરિયાઈ સુરક્ષા અને કટોકટીની સજ્જતા અંગેની ચિંતાઓ ફરી એકવાર વધારી દીધી છે.

**હાનોઈ, તા. 11 :** વિયેતનામના ફુ ક્વોક ટાપુ પાસે શનિવારે બોટ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં 2 મહિલાઓ સહિત 15 ભારતીયોના મોત થયા છે. મૃતકોમાં 10 પર્યટકો તમિલનાડુના, 3 આંધ્રપ્રદેશના અને 2 કેરળના હતા. બોટમાં કુલ 4 ક્રૂ મેમ્બર્સ સહિત 36 લોકો સવાર હતા, જેમાં 32 ભારતીયો હતા. 21 લોકોને બચાવી લેવાયા છે.

સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર, આ અકસ્માત સવારે 10:30 વાગ્યે થયો હતો. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે અકસ્માતનું કારણ સમુદ્રના ઊંચા મોજાં હોઈ શકે છે. સામે આવેલા વીડિયોમાં મોજાં ઉછળતા જોવા મળી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પ્રવાસીઓએ લાઈફ જેકેટ નહોતા પહેર્યા. જ્યારે નાવ પલટી ગઈ ત્યારે પર્યટકો નાવની નીચે ફસાઈ ગયા હતા. બોટ ભારતીય પ્રવાસીઓને ફુ ક્વોક ટાપુ પાસે આવેલા 'હોન મે રુટ'થી ન્ગોઆઈ ટાપુ પર ફેરવવા લઈ જઈ રહી હતી, પરંતુ તે કિનારાથી લગભગ 400 મીટર પહેલા જ પલટી ગઈ હતી. બચાવ ટુકડીઓ સ્થળ પર આવે તે પહેલા આજુબાજુની અન્ય નૌકાઓ બચાવ કામગીરી માટે પલટી ખાઇ ગયેલી બોટની નજીક ધસી ગઇ હતી.

...અનુસંધાન પાના 5 પર

## ટાપુ પરથી બોટ રવાના થઈ અને થોડી જ વારમાં ઉંધી વળી ગઈ

**બનાવને** નજરે જોનાર સાક્ષીએ કહ્યું કે પવન એટલો બધો ન હતો કે બોટ પલટી ખાઇ જાય

**નવી દિલ્હી, તા. 11 (PTI) :** શનિવારે દક્ષિણ વિયેતનામના એક ટાપુ નજીક પ્રવાસીઓ ભરેલી જે બોટ પલટી ગઈ હતી, તે કિનારાથી માંડ ૩૦૦-૪૦૦ મીટર જ દૂર ગઈ હતી અને અચાનક ઊંધી વળી ગઈ હતી, તેમ આ દુર્ઘટનાને નજરે જોનારા સાક્ષી બનેલા એક ભારતીય નાગરિકે જણાવ્યું હતું.

આંધ્રપ્રદેશના ગુન્ટુરના રહેવાસી અને એક મોબાઈલ ફોન કંપનીના ૪૮ વર્ષીય ડિસ્ટ્રિબ્યુટર આશિષ કુમારે જણાવ્યું કે, કંપનીના પ્રવાસના ભાગરૂપે પર્યટકોને અલગ-અલગ જૂથમાં વહેંચીને ટાપુ પર લઈ જવામાં આવી રહ્યા હતા. કુમારે ફોન પર પીટીઆઈને જણાવ્યું કે, અમે બધા લાવા મોબાઈલના વિક્રેતાઓ, ડિસ્ટ્રિબ્યુટર્સ અને કર્મચારીઓ તરીકે ત્યાં ગયા હતા. અમે ૯ જુલાઈએ વિયેતનામ પહોંચ્યા હતા અને રવિવારે સવારે ભારત પરત ફરવાના હતા. તેમના જણાવ્યા અનુસાર, ૩૨ ભારતીય પ્રવાસીઓને લઈને જઈ રહેલી ત્રણ બોટમાંથી એક બોટ હોન મે રૂટ નગોઈ ટાપુ પરથી બીજા ટાપુ માટે રવાના થઈ હતી, જ્યારે બાકીના બે જૂથ હજી હોન મે રૂટ નગોઈ ટાપુ પર જ હતા અને ફોટા પાડી રહ્યા હતા.

તેમણે કહ્યું, આ ઘટના સ્થાનિક સમય અનુસાર બપોરે લગભગ ૧:૩૦ વાગ્યે બની હતી. બોટ માંડ

...અનુસંધાન પાના 5 પર

## હિઝબુલના કમાન્ડર ઈમ્તિયાઝ કંડૂ સામે રેડ કોર્નર નોટિસ



**શ્રીનગર, તા. 11 (PTI).** જમ્મુ અને કાશ્મીર પોલીસની સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એસઆઈએ)એ ૨૦૧૩ના એક આતંકવાદી કેસમાં હિઝબુલ મુજાહિદ્દીનના જાહેર કરાયેલા આતંકવાદી ઈમ્તિયાઝ અહેમદ કંડૂ વિરુદ્ધ ઈન્ટરપોલ રેડ કોર્નર નોટિસ મેળવી છે. એમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું. આ બારામુલ્લા જિલ્લાના તારઝૂ વિસ્તારમાં થયેલા આતંકવાદી હુમલાની તપાસમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જેમાં પોલીસના ચાર જવાનો શહીદ થયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, "પોતાના સતત આતંકવાદ વિરોધી પ્રયાસોમાં એક મોટી સફળતા મેળવતા એસઆઈએ કાશ્મીરે હિઝબુલ મુજાહિદ્દીનના જાહેર કરાયેલા આતંકવાદી ઈમ્તિયાઝ અહેમદ કંડૂ ઉર્ફે ફયાઝ ઉર્ફે સજાદ વિરુદ્ધ ઈન્ટરપોલ રેડ કોર્નર નોટિસ મેળવી છે." સોપોરના ક્રાલતાંગના રહેવાસી કંડૂ ૨૦૧૦થી પ્રતિબંધિત આતંકવાદી સંગઠનનો સક્રિય સભ્ય અને કમાન્ડર રહ્યો છે. ભારત સરકારે ઓક્ટોબર ૨૦૨૨માં કંડૂને 'ડેઝિગ્નેટેડ ઈન્ડિવિઝ્યુઅલ ટેરરિસ્ટ' (જાહેર કરાયેલ વ્યક્તિગત આતંકવાદી) તરીકે જાહેર કર્યો હતો.

## હવામાનનો પલટોઃ દેશના 70% ભાગમાંથી વાદળો ગાયબ

**બીજી** બાજુ ઉત્તરાખંડ સહિત દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદ

**ઉત્તરાખંડમાં** ૧૨૦ માર્ગો બંધ, યમુનોત્રીના માર્ગ પર ફસાયેલા ૧૦૦ યાત્રાળુઓને દોરડા વડે બચાવાયા, ડોક્ટરનું મોત

**ગુજરાત,** મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાં આગામી દિવસોમાં વરસાદ ઓછો થવાની આગાહી, ચોમાસું પૂર્વ તરફ ખસ્યું

**નવી દિલ્હી, તા. 11 :** દેશના અનેક ભાગોમાં ભારે તરખાટ મચાવ્યા પછી હવે મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ બંધ થઇ ગયો છે, જ્યારે કે કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદનો માહોલ છે. પૂર્વ મધ્ય પ્રદેશ, પૂર્વ ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર સહિત દેશના અનેક રાજ્યોમાં આગામી 5 દિવસ ઓછો વરસાદ થવાની સંભાવના છે. આવું એટલા માટે, કારણ કે દેશના 70% ભાગમાંથી વાદળો ગાયબ થઈ ગયા છે. IMDની નવી સેટેલાઈટ તસવીરો અને વિન્ડી.કોમ મુજબ વાદળો પૂર્વ અને પૂર્વોત્તરના રાજ્યો જેવા કે - ઉત્તરાખંડ, યુપી, બિહાર, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરા તરફ ખસી ગયા છે.

બીજી તરફ દેશના જે ભાગોમાં ચોમાસું થોડું ઘણું સક્રિય છે, ત્યાં રસ્તાઓ પર પાણી ભરાવા, નદીઓમાં પૂર આવવા જેવી ઘટનાઓ બની રહી છે. યુપીના હાપુડમાં તેજ વરસાદથી અંડરપાસમાં પાણી ભરાઈ ગયું. બિજનૌરમાં ગંગા અને તેની સહાયક માલન નદી ઉફાન પર છે. રાજ્યમાં 3 દિવસમાં 15 લોકોના મોત થઈ ચૂક્યા છે. ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનથી ઉત્તરાખંડમાં 120 રસ્તાઓ બંધ થઈ ગયા. બીજી તરફ, યમુનોત્રી નેશનલ હાઈવેનો એક ભાગ ધોવાઈ ગયા પછી, અંદાજે 100 જેટલા તીર્થયાત્રીઓને દોરડા વડે બહાર કાઢવામાં આવ્યા. ઉત્તરાખંડના ચમૌલી જિલ્લામાં એક નુકસાનગ્રસ્ત આરોગ્ય કેન્દ્રના સમારકામનું નિરીક્ષણ કરી રહેલા એક ડોકટરનું અકસ્માતે અવસાન થયું હતું. 11 જુલાઈની સેટેલાઈટ તસવીર દર્શાવે છે કે વાદળો પૂર્વ ભાગ તરફ ખસી ગયા છે. દેશભરમાંથી હવામાનની 4 તસવીરો સામે આવી છે, જેમાં યુપીના બિજનૌરમાં માલન નદીના તેજ પ્રવાહમાં ચાર છોકરાઓ તણાઈ ગયા. દિલ્હીમાં મહત્તમ તાપમાન વધ્યું છે અને આગામી થોડા દિવસો સુધી વરસાદની કોઈ શક્યતા નથી. શનિવારે દિલ્હીનું મહત્તમ તાપમાન વધી ગયું અને ભારતીય હવામાન વિભાગ(IMD)એ આગામી થોડા દિવસો સુધી આકાશમાં વાદળછાયું વાતાવરણ રહેવાની તેમજ કોઈ ખાસ

...અનુસંધાન પાના 5 પર

## અમેરિકા-ઈરાન વચ્ચે સામસામે ધમકીઓ

**કતારના** પ્રતિનિધિમંડળે ઇરાનની મુલાકાત લીધી પણ મંત્રણા ફરી શરૂ થવાના સંકેત નહીં વચગાળાનો કરાર જોખમમાં

**દુબઈ, તા. 11 (AP):** શનિવારે અમેરિકા અને ઈરાનના નેતાઓએ એકબીજાને વધુ ધમકીઓ આપી હતી જ્યારે મધ્ય પૂર્વમાં વારંવારના સામસામા હુમલાઓ પછી વચગાળાનો કરાર દબાણ હેઠળ આવી ગયો છે.

વરિષ્ઠ અમેરિકી અધિકારીઓએ માંગ કરી હતી કે ઈરાન એક જાહેર નિવેદન જાહેર કરે કે હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી છે અને આ મહત્વપૂર્ણ જળમાર્ગમાંથી પસાર થતા જહાજો પર હુમલો કરવામાં નહીં આવે. આ માંગણી બાદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર શ્રેણીબદ્ધ ટિપ્પણીઓ કરીને ઈરાન પર વધુ મિસાઈલ હુમલા કરવાની ધમકીઓ વધારી દીધી છે. ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈના અંતિમ સંસ્કાર દરમિયાન અમેરિકી પ્રમુખને મારી નાખવાની ખુલ્લેઆમ હાકલ કરવામાં આવી હતી, ત્યારબાદ ટ્રમ્પે આ ટિપ્પણીઓ કરી હતી. આ અઠવાડિયાની શરૂઆતમાં ઈરાન દ્વારા જળમાર્ગમાં ત્રણ જહાજો પર હુમલો કરવામાં આવ્યા બાદ હિંસા ભડકી હતી, જેના જવાબમાં ઈરાનને નિશાન બનાવીને અમેરિકા દ્વારા સતત કેટલાક દિવસો સુધી હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા, તેમજ

...અનુસંધાન પાના 5 પર

### મારા પિતાની હત્યાનો બદલો લેવાશેઃ મોજતબા

શનિવારે મોડેથી, ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈએ સંકલ્પ લીધો હતો કે ઈરાનીઓ તેમના પિતા અલી ખામેનેઈની હત્યાનો બદલો લેવાનું ચાલુ રાખશે, જેમના માટે આ અઠવાડિયે સમગ્ર ઈરાનમાં અંતિમ સંસ્કારના કાર્યક્રમો યોજાયા હતા. સરકારી ટેલિવિઝન દ્વારા પ્રસારિત કરાયેલા પોતાના નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે, આવો બદલો અમારા રાષ્ટ્રની ઈચ્છા છે અને તે ચોક્કસપણે લેવામાં આવશે. અત્યાર સુધી, તેહરાને હોર્મુઝની સામુદ્રધુની અંગેની યુએસની માંગણીઓ સ્વીકારી નથી, અને તેના બદલે આ માર્ગ તેમના નિયંત્રણ હેઠળ રહે અને તેમાંથી પસાર થતા જહાજો પાસેથી ટેક્સ/ફી વસૂલવાની મંજૂરી આપવામાં આવે તેવી જીદ પકડી રાખી છે.

### ટ્રમ્પની ઈરાનને ઓનલાઈન ધમકી

જો ઈરાન સરકાર તેની ધમકી પર આગળ વધશે, તો એક હજાર મિસાઈલો ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન તરફ ટાર્ગેટ સેટ કરીને તૈનાત કરવામાં આવી છે, અને બીજી હજારો મિસાઈલો તરત જ તેની પાછળ છોડવામાં આવશે, તેમ ટ્રમ્પે તેમની વેબસાઈટ પર લખ્યું હતું. પ્રમુખે જણાવ્યું હતું કે તેઓ તેમને "નષ્ટ કરવા અથવા તેમની હત્યા કરવાનો પ્રયાસ કરવાની" ધમકીઓનો જવાબ આપી રહ્યા હતા. ખામેનેઈના અંતિમ સંસ્કાર દરમિયાન, શોકગ્રસ્તોએ વારંવાર ટ્રમ્પ અને ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુને મારી નાખવાની હાકલ કરતા પોસ્ટરો અથવા બેનરો પ્રદર્શિત કર્યા હતા.

### ઇરાનીઓ મારી હત્યા કરે તો શું કરવું તેની સૂચના મેં લશ્કરને આપી દીધી છેઃ ટ્રમ્પ

**વોશિંગ્ટન.** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે જો ઈરાન તેમને જાનથી મારી નાખવાની તેની લાંબા સમયની ધમકીઓ પર આગળ વધે, તો તેમણે અમેરિકી લશ્કરને ઈરાનને તેમણે ક્યારેય ન જોયું હોય તેવા સ્તરે નષ્ટ કરી દેવાની સૂચના આપી દીધી છે. પરંતુ અમેરિકી સરકાર પાસે આપમેળે પૂર્વસૂચના મુજબ સક્રિય થઈ જાય તેવી કોઈ ડેડ મેન્સ સ્વિચ બનાવવાનો કોઈ રસ્તો નથી, જે તાત્કાલિક વળતો પ્રહાર શરૂ કરી દે. તેના બદલે, જો ટ્રમ્પની હત્યા કરવામાં આવે, તો સત્તાનું

...અનુસંધાન પાના 5 પર

**વાસી અને એક્સપાયર્ડ ખાદ્ય પદાર્થો મોકલવા બદલ ફૂડ રેગ્યુલેટરની લાલ આંખ**

## સ્વિગી ઈન્સ્ટામાર્ટને FSSAIની 9 નોટિસ

**પ્રોટીન** પાવડર, દૂધ અને ઈંડા બગડેલા હોવાની અનેક ફરિયાદો; કાનૂની કાર્યવાહીની ચેતવણી

**એક** બનાવમાં તો બગડેલી વસ્તુ પરત કરાયા બાદ તે જ ફરીથી મોકલવામાં આવી!

**નવી દિલ્હી, તા. 11 :** ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ સ્વિગી ઈન્સ્ટામાર્ટ મારફતે ગ્રાહકોને વાસી, દૂષિત અને બગડેલા ખાદ્ય પદાર્થો પહોંચાડવાની અનેક ફરિયાદો ઉઠી છે અને આના પગલે દેશના ખાદ્ય નિયામક સત્તાવાળાઓએ આ કંપનીને ૯ નોટિસો જારી કરી છે.

ખાદ્ય નિયામક સંસ્થા FSSAI એ શનિવારે જણાવ્યું હતું કે તેણે ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ સ્વિગી ઈન્સ્ટામાર્ટને ગ્રાહકોની અનેક ફરિયાદો બાદ ૯ નોટિસ ફટકારી છે, જેમાં પ્લેટફોર્મ વિરુદ્ધ સડેલી અને એક્સપાયરી ડેટ પૂરી થઈ ગઈ હોય તેવી વગેરે ખાદ્ય ચીજવસ્તુઓ સપ્લાય કરવાના આક્ષેપો સામેલ છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ જણાવ્યું હતું કે, FSS એક્ટ ૨૦૦૬ હેઠળ વિવિધ ઉલ્લંઘનોનો આક્ષેપ કરતી ગ્રાહકોની અનેક ફરિયાદોને પગલે સ્વિગી ઈન્સ્ટામાર્ટને ૯ નોટિસ જારી કરવામાં આવી છે. નિયામકે પ્લેટફોર્મને વિગતવાર સ્પષ્ટીકરણ અને અનુપાલન અહેવાલ સબમિટ કરવા નિર્દેશ આપ્યો છે, જેમાં નિષ્ફળ જશે તો યોગ્ય કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. બીજી તરફ, ઈન્સ્ટામાર્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું કેઃ "અમે FSSAI દ્વારા ચિહ્નિત કરાયેલા લિસ્ટિંગની સમીક્ષા કરી રહ્યા છીએ અને આ બાબતનો ઉકેલ લાવવા માટે સત્તાવાળાઓના સંપર્કમાં છીએ."

ગ્રાહકોની ફરિયાદો વિશે વિગતવાર માહિતી આપતા FSSAI એ ઉલ્લેખ કર્યો છે કે, 'હેલ્થિફાય ૧૦૦% વ્હી પ્રોટીન ૧ કિલો' અને 'નોઈસ હોમસ્ટાઈલ મદ્રાસ મિક્સચર વિથ પીનટ્સ' તેમની એક્સપાયરી ડેટ પૂરી થઈ ગયા પછી પણ સપ્લાય કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. રિપોર્ટ અનુસાર, 'અક્ષયકલ્પ ઓર્ગેનિક એગ' એક્સપાયર્ડ, સડેલા, દુર્ગંધ મારતા મળી આવ્યા હતા. તેવી જ રીતે, એક ગ્રાહકને મોકલાયેલા 'કાકે દા પરોઠા' બગડેલા અને દુર્ગંધ મારતા હોવાનું જાણવા મળ્યું હતું. FSSAIએ જણાવ્યું હતું કે

...અનુસંધાન પાના 5 પર

**તા. ૧૧-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન**

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.00 મીમી | મોસમનો 0000 મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૧૨.૧૨ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૭૦ સે. | ૨૮.૩૦ સે. | ૮૧% |

## 'દક્ષિણની કોયલ' એસ. જાનકીનું 88 વર્ષે નિધન

**20 ભાષાઓમાં** 48,000થી વધુ ગીતો ગાનાર લેજન્ડરી ગાયિકાની વિદાય સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવશે

**મૈસૂર, તા. 11 (PTI).** દિગ્ગજ પ્લેબેક સિંગર એસ જાનકીનું શનિવારે અહીં એક ખાનગી હોસ્પિટલમાં ઉંમર સંબંધિત બીમારીઓને કારણે અવસાન થયું છે. એમ પારિવારિક સૂત્રોએ જણાવ્યું હતું. તેઓ ૮૮ વર્ષના હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, શુક્રવારે રાત્રે તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ હતી અને ત્યાર બાદ તેમને મૈસુરની

...અનુસંધાન પાના 5 પર



### પદ્મ ભૂષણનો અસ્વીકાર

વર્ષ 2013 માં જ્યારે ભારત સરકાર દ્વારા તેમને દેશના ત્રીજા સર્વોચ્ચ નાગરિક સન્માન 'પદ્મ ભૂષણ' આપવાની જાહેરાત કરવામાં આવી, ત્યારે તેમણે તેનો સ્વીકાર કરવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો. તેમનું માનવું હતું કે દક્ષિણ ભારતના કલાકારોને ઓળખ મળવામાં બહુ મોડું થાય છે અને આ સન્માન પણ તેમને કારકિર્દીના ખૂબ જ પાછળના તબક્કે (બહુ મોડું) આપવામાં આવ્યું હતું. તેમણે એ વાત પણ વ્યક્ત કરી હતી કે છ દાયકાથી વધુ સમય સુધી સંગીત ક્ષેત્રે આપેલા તેમના અજોડ પ્રદાન બદલ તેઓ દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' ના હકદાર છે.

### એસ. જાનકીના જાણીતા હિન્દી ગીતો

એસ. જાનકી (જાનકી અમ્મા) એ માત્ર દક્ષિણ ભારતીય ભાષાઓમાં જ નહીં, પરંતુ બોલિવૂડમાં પણ પોતાના સુરીલા અવાજથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સંગીતમાં તેમના અજોડ પ્રદાન બદલ તેમને 4 નેશનલ ફિલ્મ એવોર્ડ અને અનેક પ્રતિષ્ઠિત રાજ્ય-સ્તરીય સન્માન મળ્યા છે.

- યાર બિના ચૈન કહાં રે - ફિલ્મઃ સાહેબ (1985)
- બોલ બેબી બોલ રોક એન રોલ - ફિલ્મઃ મેરી જંગ (1985)
- સુન રુબિયા તુમસે પ્યાર હો ગયા -

...અનુસંધાન પાના 5 પર